12 પ્રવાહ વિદ્યુત

(1) જવાબ [C]

વિદ્યુતપ્રવાહ $I = \frac{Q}{t} = \frac{e}{\mathrm{T}} = \frac{e\mathrm{V}}{2rr}$

$\left(\because \mathrm{V} = r\omega = r \times 2\pi f = \frac{2\pi r}{\mathrm{T}}\right)$

$\therefore \mathrm{V} = \frac{I \times 2\pi r}{e}$

$= \frac{1.06 \times 10^{-3} \times 2 \times 3.14 \times 5.3 \times 10^{-11}}{1.6 \times 10^{-19}}$

$= 2.2 \times 10^{6}\ \mathrm{ms}^{-1}$

(2) જવાબ [D]

વિદ્યુતપ્રવાહ $I = \frac{Q}{t} = \frac{ne}{t}$

$\Rightarrow$ ઇલેક્ટ્રૉનની સંખ્યા $n = \frac{It}{e}$

$= \frac{9 \times 10^{-3} \times 3 \times 60}{1.6 \times 10^{-19}} = 1.01 \times 10^{19}$ ઇલેક્ટ્રૉન

(3) જવાબ [B]

વિદ્યુતપ્રવાહ $I = \frac{dQ}{dt} = I_0 + \alpha t$

$\therefore dQ = (I_0 + \alpha t)dt$

સંકલન કરતાં $\int dQ = \int (I_0 + \alpha t)dt$

$\therefore \quad Q = \left[I_0 t + \frac{\alpha t^2}{2}\right]$

$= \left[100 \times 20 + \frac{8 \times (20)^2}{2}\right] = 2000 + 1600 = 3600\ \mathrm{C}$

(4) જવાબ [C]

વિદ્યુતપ્રવાહ $I = \frac{Q}{t} = \frac{ev}{2\pi r}$

$= \frac{e}{2\pi} \times \frac{4\pi e^2}{h} \times \frac{16\pi^2 me^2}{h^2} = \frac{32\pi^2 me^5}{h^3}$

(5) જવાબ [C]

વિદ્યુતપ્રવાહ $I = \frac{dQ}{dt} \Rightarrow dQ = Idt,\ Q = \int Idt$

$= \int_0^4 (3 + 2t)dt = \left[3t + t^2\right]_0^4 = (12 + 16) = 28\ \mathrm{C}$

(6) જવાબ [A]

ઇલેક્ટ્રૉનનો ડ્રિફ્ટ વેગ

$= \frac{\text{ઇલેક્ટ્રૉને કરેલ અસરકારક સ્થાનાંતર}}{\text{સમયગાળો}}$

$= \frac{4 \times 10^{-4} - 10^{-4}}{10} = 3 \times 10^{-5}\ \mathrm{ms}^{-1}$

(7) જવાબ [C]

ઇલેક્ટ્રૉનની સંખ્યા ઘનતા,

$\mathrm{n} = \frac{\rho}{\mathrm{V}} = \frac{\rho \times \mathrm{N_A}}{\mathrm{M}} = \frac{8920 \times 6.02 \times 10^{26}}{63.5}$

$= 8.5 \times 10^{28}$ ઇલે. m^{-3}

વિદ્યુતપ્રવાહ $I = neAv_d \Rightarrow v_d = \frac{1}{n}\left(\frac{I}{e\mathrm{A}}\right)$

માં કિંમતો મુકતા $v_d = 1.2 \times 10^4\ \mathrm{ms}^{-1}$

(8) જવાબ [A]

$J = \sigma \mathrm{E} \Rightarrow J = \frac{1}{\rho}\ \mathrm{E}$, અવરોધકતા

$\rho = \frac{\mathrm{E}}{J} = \frac{8 \times 10^{-8}}{5} = 1.6 \times 10^{-1}\ \Omega\mathrm{m}$

(9) જવાબ [B]

વિદ્યુતપ્રવાહ $I = \mathrm{A}v_d ne$

$= 4 \times 10^{-4} \times 8 \times 10^{10} \times 6 \times 10^{12} \times 1.6 \times 10^{-19}$

$= 307.2 \times 10^{-1} = 30.72\ \mathrm{A}$

(10) જવાબ [C]

$I = \mathrm{A}v_d ne$ પરથી $\quad v_d \propto \frac{1}{\mathrm{A}}, \therefore v_d \propto \frac{1}{\pi r^2}$

$\therefore \frac{v_{d_2}}{v_{d_1}} = \frac{r_1^2}{r_2^2} = \left(\frac{r_1}{r_2}\right)^2 = \left(\frac{1}{4}\right)^2 = \frac{1}{16}$

આથી, પાતળા તારમાં ડ્રિફ્ટ વેગ $v_{d_1} = 16\ v_d$

(11) જવાબ [D]

$\mu = \frac{\sigma}{ne}$ પરથી $\sigma = \frac{ne^2\tau}{m}$ પરથી

વાહકની મોબિલિટી $\mu = \frac{\sigma}{ne} = \frac{ne^2\tau}{mne} = \frac{e\tau}{m}$

$= \frac{1.6 \times 10^{-19} \times 18.2 \times 10^{-12}}{9.1 \times 10^{-31}} = 3.2\ \mathrm{Cs\ kg}^{-1}$

(12) **જવાબ [B]**

તારના દ્રવ્યની અવરોધકતા $\rho = \frac{m}{ne^2\tau}$

$= \frac{2.56 \times 10^{-27}}{8 \times 10^{12} \times \left(1.6 \times 10^{-19}\right)^2 \times 4 \times 10^{-12}}$

$= 0.03125 \times 10^{11} = 0.31 \times 10^{10}\ \Omega m$

(13) **જવાબ [C]**

વિદ્યુતપ્રવાહ ઘનતા $(J) = \frac{\Delta I}{\Delta a \cos\theta}$

$= \frac{4}{2 \times 10^{-4} \times \cos 60^\circ} = \frac{4}{2 \times 10^{-4} \times \frac{1}{2}}$

$[\because \Delta \vec{a}$ અને I વચ્ચેનો ખૂણો 30° છે.$]$

$= 4 \times 10^4\ A\ m^{-2}$

(14) **જવાબ [A]**


પ્રથમ વાહકનો અવરોધ $R_1 = \frac{\rho_1 l_1}{A}$

બીજા વાહકનો અવરોધ $R_2 = \frac{\rho_2 l_2}{A}$

સમતુલ્ય અવરોધ $R = R_1 + R_2$

$\frac{\rho(l_1 + l_2)}{A} = \frac{\rho_1 l_1}{A} = \frac{\rho_2 l_2}{A}$

$\rho(l_1 + l_2) = \rho_1 l_1 + \rho_2 l_2 \Rightarrow \rho = \frac{\rho_1 l_1 + \rho_2 l_2}{l_1 + l_2}$



(15) **જવાબ [B]**

નળાકારની અક્ષને લંબ એવા આડછેદ પર અક્ષથી r અંતરે dr જાડાઈની રીંગ લો.

આ રિંગમાંથી પસાર થતો પ્રવાહ $dI = da$

$[\because \cos\theta = 1]$, $dI = J_0 \frac{r^3}{R^4} = 2\pi r dr$

નળાકાર વાહકની અક્ષને સમાંતર વાહકની લંબાઈની દિશામાં વહેતો વીજપ્રવાહ

$$I = \int dI \int_{r=0}^{r=R} J_0 \frac{r^3}{R^4} 2\pi r dr = \frac{2\pi J_0}{R^4} \int_0^R r^4\, dr$$

$$= \frac{2\pi J_0}{R^4} \left[\frac{r^5}{5}\right]_0^5 = \frac{2\pi J_0}{5R^4} R^5 = \frac{2\pi J_0}{5} R$$

(16) **જવાબ [A]**

લોખંડના તારમાં પ્રવાહ ઘનતા

$$J_2 = \frac{I_2}{A_2} = \frac{I_2}{\pi r_2^2} = \frac{4 \times 10^{-3}}{3.14 \times \left(10^{-3}\right)^2}$$

$= 1.27 \times 10^3\ Am^{-2}$

(17) **જવાબ [B]**

તારનો પ્રારંભિક અવરોધ $R_1 = \frac{l_1}{\pi r_1^2}$

તારનો અંતિમ અવરોધ

$$R_2 = \frac{l_2}{\pi r_2^2} = \frac{nl1}{\pi \times \frac{r_1^2}{n}} = n^2 \frac{l_1}{\pi r_1^2} = n^2 R_1$$

(18) **જવાબ [B]**


સમાંતર જોડાણમાં બંને તાર વચ્ચે ρd સમાન હોય,

$V_1 = V_2$, $I_1 R_1 = I_2 R_2$

$$I_1\left[\rho \frac{l_1}{\pi r_1^2}\right] = I_2\left[\frac{\rho l_2}{\pi r_2^2}\right], \frac{I_1}{I_2} = \left(\frac{l_2}{l_1}\right)\left(\frac{r_2}{r_1}\right)^2$$

$$\therefore \quad \frac{I_1}{I_2} = \left(\frac{6}{8}\right)\left(\frac{4}{6}\right)^2 = \frac{2}{6} = \frac{1}{3}$$

(19) **જવાબ [D]**



આકૃતિમાં દર્શાવ્યા મુજબ ગોળાના કેન્દ્રથી x અંતરે dx જાડાઈની રિંગ લો. આ રિંગનો અવરોધ

$$dR = \rho \frac{dx}{A} = \rho \frac{dx}{4\pi x^2}$$


ગોળીય કવચ વચ્ચેના આંતરિક અવકાશનો કુલ

અવરોધ, $R = \int dR = \int_a^b \frac{\rho}{4\pi x^2}\, dx$

$= \frac{\rho}{4\pi} \int_a^b \frac{1}{x^2}\, dx = \frac{\rho}{4\pi} \left[-\frac{1}{x}\right]_a^b$

$\therefore R = \frac{\rho}{4\pi} \left[\frac{1}{a} - \frac{1}{b}\right]$

(20) જવાબ [A]



બ્લૉકની AA' બાજુઓ વચ્ચે મળતો મહત્તમ અવરોધ


$R_{max} = \rho \frac{l}{A} = \rho \frac{6}{4 \times 4} = \frac{3}{4}$

બ્લૉકની BB' બાજુઓ વચ્ચે મળતો લઘુતમ અવરોધ

$R_{min} = \rho \frac{l'}{A'} = \frac{\rho \times 2}{6 \times 4} = \frac{\rho}{12}$

$\therefore \frac{R_{max}}{R_{min}} = \frac{3\rho}{4} \times \frac{12}{\rho} = 9$

(21) જવાબ [B]



તારની લંબાઈ $l = 2\pi r = 2\pi\,(0.12) = 0.24\pi$

વર્તુળાકાર તારનો અવરોધ $R = 6 \times 0.24\pi = 1.44\pi$

આકૃતિમાં દર્શાવ્યા મુજબ વર્તુળનાં વ્યાસાંત બિંદુઓ A અને B ના ઉપરનાં અડધા ભાગનો

અવરોધ $= \frac{R}{2} = 0.72\pi\ \Omega$ અને નીચેના અડધા

ભાગનો અવરોધ $= \frac{R}{2} = 0.72\pi\ \Omega$

બંને અવરોધ સમાંતર જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ.

$R_{AB} = \frac{0.72\pi \times 0.72\pi}{0.72\pi + 0.72\pi} = 0.36\pi\ \Omega$

(22) જવાબ [A]


વિદ્યુતભાર $Q = \alpha t - \beta t^2$, હવે, વિદ્યુતપ્રવાહ

$I = \frac{dQ}{dt} = \frac{d}{dt}\,[\alpha t - \beta t^2] = \alpha - 2\beta t$

વિદ્યુતપ્રવાહ મહત્તમ થવા માટે $\frac{dQ}{dt} = 0$ થવું જોઈએ.

આથી $\alpha - 2\beta t = 0 \Rightarrow$ સમય $t = \frac{\alpha}{2\beta}$

(23) જવાબ [C]



આકૃતિમાં દર્શાવ્યા મુજબ નળાકારના કેન્દ્રથી r અંતરે dr જાડાઈનો અને l લંબાઈનો નળાકારિય ખંડ લેતાં આ ખંડનો અવરોધ

$dR = \rho \frac{l}{A} = \frac{\rho}{2\pi r l}\, dr.$

હવે સમગ્ર નળાકારની બહારની દીવાલ અને અંદરની દીવાલ વચ્ચેનો અવરોધ

$R = \int dr = \int_{r_1}^{r_2} \frac{\rho}{2\pi r l}\, dr = \frac{\rho}{2\pi l} \int_{r_1}^{r_2} \frac{1}{r}\, dr$

$= \frac{\rho}{2\pi l}\, [ln\ r]_{r_1}^{r_2}$

$\therefore R = \frac{\rho}{2\pi l}\, [ln\ r_2 - ln\ r_1]$

$= \frac{\rho}{2\pi l} \left[ln\left(\frac{r_2}{r_1}\right)\right]$

(24) જવાબ [B]

તારનો પ્રારંભિક અવરોધ $R_0 = \frac{\rho l}{A} = 8\ \Omega$

તારને 180° કોણે વાળીને તેના બંને છેડાઓને વળ ચઢાવતાં તેની લંબાઈ અડધી અને જાડાઈ બમણી

થાય છે. આથી તારનો નવો અવરોધ

$$R = \frac{\rho\left(\frac{1}{2}\right)}{2A} = \frac{l}{A}\frac{1}{4} = 8 \times \frac{1}{4} = 2\ \Omega$$

(25) જવાબ [C]

તારનો પ્રારંભિક અવરોધ $R = \rho\frac{l}{A} \times \frac{l}{l} = \rho\frac{l^2}{V}$

$$\frac{dR}{dl} = 2\frac{\rho l}{V} \Rightarrow dR = 2\frac{\rho l}{V}\, dl$$

$$\therefore \frac{dR}{R} = 2\frac{dl}{l}$$

$$\Rightarrow \frac{dR}{R} \times 100 = 2\frac{dl}{l} \times 100$$

$$= 2 \times 0.1\ \% = 0.2\ \%$$

(26) જવાબ [B]

ઇલેક્ટ્રૉનની સંખ્યા ઘનતા ધાતુના આણ્વિક બંધારણ પર આધાર રાખે છે તેથી અચળ રહે.

હવે, $I = \frac{V}{R} = neAV_d$

આમ, V વધતાં, I વધે છે. પરિણામે V_d પણ વધે છે.

(27) જવાબ [D]

અવરોધ $R = \rho\frac{l}{A} \times \frac{l}{l}$

$$\Rightarrow R = \rho\frac{l^2}{V} = \frac{\rho l^2 d}{m} \quad \left[\because \text{ઘનતા } d = \frac{m}{V}\right]$$

$\therefore R \propto \frac{l^2}{m}$ પરથી

$$R_1 : R_2 : R_3 = \frac{l_1^2}{m_1} : \frac{l_2^2}{m_2} : \frac{l_3^2}{m_3}$$

$$\therefore R_1 : R_2 : R_3 = \frac{9}{2} : \frac{25}{2} : \frac{49}{5}$$

$\therefore R_1 : R_2 : R_3 = 135 : 250 : 294$

(28) જવાબ [D]

અવરોધકતાનો તાપમાન ગુણાંક

$$\alpha = \frac{R_t - R_0}{R_0 t} = \frac{6-5}{5(50)} = \frac{1}{250}\ °C^{-1}$$

હવે, $\alpha = \frac{R_{100} - R_0}{5 \times 100} \Rightarrow \frac{1}{250} = \frac{6 - R_0}{500}$

$\therefore R_0 = 6 - 2 = 4\ \Omega$

(29) જવાબ [B]

અહીં $R_\theta = R\theta_0\left[1 + \alpha\left(\theta - \theta_0\right)\right]$ સૂત્ર પરથી,

$R_1 = R\theta_0\left[1 + \alpha\left(\theta_1 - 20\right)\right]$ ...(1)

તથા $R_2 = R\theta_0\left[1 + \alpha\left(\theta_2 - 20\right)\right]$ ...(2)

સમીકરણ (2) અને (1) નો ગુણોત્તર લેતાં,

$$\frac{R_2}{R_1} = \frac{R\theta_0}{R\theta_0}\frac{\left[1 + \alpha\left(\theta_2 - 20\right)\right]}{\left[1 + \alpha\left(\theta_1 - 20\right)\right]} \Rightarrow \frac{4R_1}{R_1}$$

$$= \frac{\left[1 + \alpha\left(\theta_2 - 20\right)\right]}{\left[1 + \alpha\left(\theta_1 - 20\right)\right]} \Rightarrow 4 = \frac{1 + \alpha\theta_2 - 20\alpha}{1 + 7\alpha}$$

$\therefore 4(1 + 7\alpha) = 1 + \theta_2\alpha + 20\alpha$

$4 + 28\alpha = 1 + \theta_2\alpha + 20\alpha,\ \theta_2\alpha = 3 + 8\alpha$

$$\therefore \theta_2 = \frac{3 + 8\alpha}{\alpha} = \frac{3 + 8\left(4 \times 10^{-3}\right)}{4 \times 10^{-3}}$$

$$= \frac{3 + 0.032}{4 \times 10^{-3}} = 758\ °C$$

(30) જવાબ [D]

$R_\theta = R_0\left[1 + \alpha\theta\right]$ પરથી,

$3.1 = R_0\left(1 + 30\alpha\right)$ ...(1)

$4.5 = R_0\left(1 + 100\alpha\right)$ ...(2)

સમીકરણ (2) અને (1) નો ગુણોત્તર લેતાં,

$$\frac{4.5}{3.1} = \frac{R_0\left(1 + 100\alpha\right)}{R_0\left(1 + 30\alpha\right)}$$

$\Rightarrow \quad 4.5\ (1 + 30\alpha) = 3.1\ (1 + 100\alpha)$

$4.5 + 135\alpha = 3.1 + 310\alpha$

$\alpha = \frac{1.4}{175} = 0.008\ °C^{-1}$

(31) જવાબ [B]

નિક્રોમ તારનો અવરોધ $R_2 = \frac{230}{2.68} = 85.5\ \Omega$

હવે, $R_2 = R_1\left[1 + \alpha\left(T_2 - T_1\right)\right]$

$$85.5 = 75.3\left[1 + 1.7 \times 10^{-4}\left(T_2 - 27\right)\right]$$

$$\frac{85.5}{75.3} - 1 = 1.7 \times 10^{-4}\left(T_2 - 27\right)$$

$$T_2 = \frac{85.5 - 75.3}{75.3 \times 1.7 \times 10^{-4}} + 27$$

$\therefore T_2 = 820 + 27 = 847\ ^\circ C$

(32) જવાબ [B]

હિટ બાથનું તાપમાન $t = \left[\frac{R_t - R_0}{R_{100} - R_0}\right] \times 100$

$= \frac{5.795 - 5}{5.23 - 5} \times 100 = 345.65 = 346\ ^\circ C$

(33) જવાબ [D]

$R\theta_0 = 18\ \Omega,\ \theta_0 = 27 + 273 = 300\ K$

બલ્બનો અવરોધ $R_\theta = \frac{V}{I} = \frac{45}{0.25} = 180\ \Omega$

હવે, $R_\theta = R\theta_0\ [1 + \alpha\ (\theta - \theta_0)]$

$180 = 18\ [1 + 4.5 \times 10^{-3}\ (\theta - 300)]$

$10 - 1 = 4.5 \times 10^{-3}\ (\theta - 300)$

$\frac{9}{4.5 \times 10^{-3}} = \theta - 300 \Rightarrow \theta = 2000 + 300 = 2300\ K$

(34) જવાબ [D]

$\rho_\theta = \rho_{20}\ [1 + \alpha\ (\theta - 20)]$

$\therefore \frac{d\rho_\theta}{d\theta} = \rho_{20}\ \alpha$

પ્રથમ દ્રવ્ય માટે $\left(\frac{d\rho_\theta}{d\theta}\right)_1 = (\rho_{20})_1\ \alpha_1$

બીજા દ્રવ્ય માટે $\left(\frac{d\rho_\theta}{d\theta}\right)_2 = (\rho_{20})_2\ \alpha_2$

મિશ્રણની અવરોધકતા તાપમાન સાથે બદલાતી ન હોવાથી

$\frac{d\rho}{d\theta} = \left(\frac{d\rho_\theta}{d\theta}\right)_1 + \left(\frac{d\rho_\theta}{d\theta}\right)_2 = 0$ થાય.

$(\rho_{20})_1\ \alpha_1 + (\rho_{20})_2\ \alpha_2 = 0$

$(\rho_{20})_2 = -\frac{(\rho_{20})_1\ \alpha_1}{\alpha_2}$

$= \frac{-2.4 \times 10^{-8} \times 5 \times 10^{-4}}{-3.8 \times 10^{-4}} = 3.158 \times 10^{-8}\ \Omega m$

(35) જવાબ [A]

ભારતના રાષ્ટ્રધ્વજમાં પ્રથમ પટ્ટો Orange (કેસરી) $\rightarrow 3$

રાષ્ટ્રધ્વજમાં બીજો પટ્ટો White (સફેદ) $\rightarrow 9$

રાષ્ટ્રધ્વજમાં ત્રીજો પટ્ટો Green (લીલો) $\rightarrow 10^5$

ચોથો પટ્ટો નથી માટે ટોલરન્સ $\rightarrow \pm 20\ \%$

આથી અવરોધ $R = 39 \times 10^5 \pm 20\ \%\ \Omega$

(36) જવાબ [D]

$R + \Delta R = 2640\ \Omega,\ R - \Delta R = 1760\ \Omega$

$2R = 4400\ \Omega,\ \therefore R = 2200\ \Omega$ અને $\Delta R = 440\ \Omega$

$\therefore R \pm \Delta R = (2200 \pm 440)\ \Omega$

$= (22 \times 10^2 \pm 20)\ \Omega$

આમ, અવરોધનો કલરકોડ $\rightarrow$ લાલ, લાલ, લાલ, કોઈ રંગ નહિ.

(37) જવાબ [A]

બૅટરીનું ટર્મિનલ વૉલ્ટેજ

$V = \varepsilon - Ir$ પરંતુ $V = Ir \Rightarrow I = \frac{V}{R}$

$\therefore V = \varepsilon - \frac{Vr}{R}$

$V + \frac{Vr}{R} = \varepsilon \Rightarrow V\left[1 + \frac{r}{R}\right] = \varepsilon$

$1 + \frac{r}{R} = \frac{\varepsilon}{V} \Rightarrow \frac{r}{R} = \frac{\varepsilon}{V} - 1 \Rightarrow r = \frac{\varepsilon R}{V} - R$

(38) જવાબ [D]

વિદ્યુતકોષ વડે અવરોધ R_1 માંથી t સમય માટે વિદ્યુતપ્રવાહ પસાર કરતાં ઉત્પન્ન થતી ઉષ્માઊર્જા

$W_1 = I_1^2 R_1 t = \left[\frac{\varepsilon}{R_1 + r}\right]^2 R_1 t$

આ જ પ્રમાણે $W_2 = I_2^2 R_3 t = \left[\frac{\varepsilon}{R_2 + r}\right]^2 R_2 t$

પરંતુ $W_1 = W_2$ હોવાથી

$\frac{\varepsilon^2 R_1 t}{(R_1 + r)^2} = \frac{\varepsilon^2 R_2 t}{(R_2 + r)^2}$

$R_2\left(R_2^2 + 2R_2 r + r^2\right)$

$= R_2\left(R_1^2 + 2R_1 r + r^2\right)$

$r^2\ (R_1 - R_2) = R_1 \cdot R_2\ (R_1 - R_2)$

$\therefore\ r = \sqrt{R_1 R_2}$

(41) જવાબ [D]

બંને બૅટરી શ્રેણીમાં જોડેલ હોવાથી કુલ

emf $\varepsilon = 2 + 2 = 4$ V

કુલ આંતરિક અવરોધ $r = 1 + 1 = 2\ \Omega$

બાહ્ય અવરોધ R માં પાવર $P = \left[\frac{\varepsilon}{R + r}\right]^2 R$

મહત્તમ પાવર માટે $r = R$ લેતાં.

$P_{max} = \left[\frac{4}{2 + 2}\right]^2 \times 2 = 2$ W

(42) જવાબ [A]

કોષનો *emf* $\varepsilon = V + Ir$

આંતરિક અવરોધ $r = \frac{\varepsilon - V}{I} = \frac{2.2 - 1.8}{0.36} = \frac{10}{9}\Omega$

$\left[\because I = \frac{V}{R} = \frac{1.8}{5} = 0.36A\right]$

(43) જવાબ [B]

વીજપ્રવાહ $I = \frac{\varepsilon}{R + r}$, $0.75 = \frac{3.75}{4 + r}$

$4 + r = \frac{3.75}{0.75} = 5$, $r = 1\ \Omega$

હવે $I' = \frac{\varepsilon}{R + r} = \frac{3.75}{10 + 1} = \frac{3.75}{11} = 0.34$ A

(44) જવાબ [B]

બૅટરીનું વીજચાલકબળ

$\varepsilon = I_1 (R_1 + r)$ તથા $\varepsilon = I_2 (R_2 + r)$

$\therefore\ I_1 (R_1 + r) = I_2 (R_2 + r)$

$0.9 (2 + r) = 0.3 (7 + r)$

$3 (2 + r) = 7 + r$, $6 + 3r = 7 + r$

$2r = 1 \Rightarrow r = 0.5\ \Omega$

(45) જવાબ [C]

બંને બૅટરીને પરિપથની શ્રેણીમાં જોડતાં વહેતો સમાન વીજપ્રવાહ $I = \frac{2\varepsilon}{R + r_1 + r_2}$

પ્રથમ બૅટરીના બંને છેડા વચ્ચેનો P.d. $V_1 = \varepsilon - Ir_1$

$= \varepsilon - \frac{2\varepsilon r_1}{R + r_1 + r_2}$

$\therefore\ V_1 = \frac{\varepsilon R + \varepsilon r_1 + \varepsilon r_2 - 2\varepsilon r_1}{R + r_1 + r_2} = 0$

$\therefore\ \varepsilon (R + r_2 - r_1) = 0$ માટે $R = r_1 - r_2$

(46) જવાબ [C]

ત્રિકોણ રચતા ત્રણ અવરોધોનો S અને T વચ્ચેનો અસરકારક અવરોધ.

$R_1 = \frac{10 \times 20}{10 + 20} = \frac{20}{3}\Omega$

હવે, PSTR વચ્ચેનો અસરકારક અવરોધ

$R_2 = 10 + \frac{20}{3} + 10 = \frac{80}{3}\Omega$

હવે, પરિપથના બિંદુ P અને R વચ્ચેનો અસરકારક અવરોધ

$\frac{1}{R} = \frac{1}{10} + \frac{1}{\frac{80}{3}} = \frac{1}{10} + \frac{3}{80} = \frac{11}{80}$

$\therefore\ R = \frac{80}{11}\Omega$


(47) જવાબ [C]

$R_{PQ} = 3 + \frac{(3 + R) \times 10}{(3 + R) + 10}$, $R = 3 + \frac{30 + 10R}{13 + R}$

$\therefore\ 13R + R^2 = 39 + 3R + 30 + 10\ R$

$\therefore\ R^2 = 69 \Rightarrow R = \sqrt{69}$.

(48) જવાબ [B]



જંક્શન O માટે કિર્ચોફના પ્રથમ નિયમ મુજબ

$I_1 + I_2 = I_3$, $\frac{20 - V}{2} + \frac{5 - V}{4} = \frac{V - 0}{2}$

$2(20 - V) + (5 - V) = 2(V - 0)$

$40 - 2V + 5 - V = 2V$

$45 = 5V$, $\therefore V = 9V$

આથી સ્વિચમાંથી વહેતો વીજપ્રવાહ

$I = \frac{V - 0}{2} = \frac{9}{2} = 4.5$ A

(49) જવાબ [B]

આપેલ પરિપથ વ્હીસ્ટનબ્રિજ રચે છે જે સંતુલિત હોવાથી BD ભુજામાં વિદ્યુતપ્રવાહ વહેતો નથી. જો ભુજા ABC અને ભુજા ADC માં વહેતા પ્રવાહો અનુક્રમે I_1 અને I_2 હોય, તો કિર્ચોફના પ્રથમ નિયમ મુજબ

$I_1 + I_2 = 7 \Rightarrow I_2 = 7 - I_1$


$I_1 \times (4 + 2) = I_2 \times (10 + 5)$

$6I_1 = 15I_2$, $2I_1 = 5(7 - I_2)$

$2I_1 = 35 - 5I_1 \Rightarrow I_1 = 5$ A

હવે, B અને C વચ્ચે $P.d. = 2 \times I_1 = 2 \times 5 = 10$ V

(50) જવાબ [B]



આપેલ પરિપથનું સાદુંરૂપ આપતાં,

પરિપથમાં અવરોધ R_1 અને R_2 સમાંતર જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$R' = \frac{R_1 R_2}{R_1 + R_2} = \frac{8 \times 8}{8 + 8} = \frac{64}{16} = 4\ \Omega$

આ જ પ્રમાણે,

$R'' = \frac{R_3 R_4}{R_3 + R_4} = \frac{8 \times 8}{8 + 8} = \frac{64}{16} = 4\ \Omega$

અવરોધો R' અને R'' શ્રેણી-જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$R''' = R' + R'' \Rightarrow R''' = 4 + 4 = 8\ \Omega$


અવરોધો R_5, R''' અને R_6 સમાંતર જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$\frac{1}{R} = \frac{1}{R_5} + \frac{1}{R'''} + \frac{1}{R_6} \Rightarrow \frac{1}{R}$

$= \frac{1}{8} + \frac{1}{8} + \frac{1}{8} \Rightarrow \frac{1}{R} = \frac{3}{8} \Rightarrow R = \frac{8}{3}\ \Omega$

(51) જવાબ [C]

પરિપથમાં દર્શાવ્યા મુજબ AB, AD અને AE અવરોધો સમાન હોવાથી તે દરેકમાંથી વહેતો વીજપ્રવાહ $\frac{6I}{3} = 2I$ મળે. હવે, જંક્શન B, D અને E પાસે આવતા આ પ્રવાહો બે-બે શાખાઓમાં સમાન રીતે વહેચાશે. જંક્શન C, F અને H પાસે આ પ્રવાહો ભેગા થાય છે. તેથી CG, FG અને HG શાખાઓમાં સમાન પ્રવાહ $2I$ વહે છે. આ ત્રણેય પ્રવાહો જંક્શન G પાસે ભેગા થતા કુલ પ્રવાહ 6I પાછો મળે છે.



બંધ-પરિપથ ABCGHJA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પાડતાં,

$-12(2I) - 12(I) - 12(2I) = -\varepsilon$

$60I = \varepsilon$ ...(1)

સમઘનના વિકર્ણ AG નાં અંતિમ બિંદુઓ A અને G વચ્ચેનો સમતુલ્ય અવરોધ R લેતાં, ઓહમના નિયમ મુજબ,

$6IR = \varepsilon$ ...(2)

સમીકરણ (1) અને (2) સરખાવતાં

$6IR = 60I \Rightarrow R = 10\ \Omega$


(52) જવાબ [C]

અવરોધો જોડ્યા પહેલાં A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ, $R_{AB} = 2 + 2 + 2 + 2 + 2 = 10\ \Omega$ ત્રુટક રેખા આગળ 2 Ω ના અવરોધ જોડતાં ત્યાં વ્હીસ્ટન બ્રિજ રચાય છે. આ બ્રિજનો બિંદુ C અને D વચ્ચેનો અવરોધ પણ 2 Ω થશે. આથી, $R'_{AB} = 2 + 2 + 2 = 6\ \Omega$

$$\therefore \frac{R_{AB}}{R'_{AB}} = \frac{10}{6} = \frac{5}{3}$$

(53) જવાબ [C]

અહીં જે અવરોધ પરિપથ પૂર્ણ કરતો નથી તેને અવગણવામાં આવે છે. ત્રિકોણમાં જોડાયેલા ત્રણ અવરોધોના સમાંતર જોડાણનો સમતુલ્ય અવરોધ $R_1 = \frac{R}{3}$ તથા બાજુઓ પર રહેલા ત્રણ R અવરોધના ત્રિકોણાકારનો પરિણામી અવરોધ.



$$R_2 = \frac{2R \times R}{2R + R} = \frac{2R^2}{3R} = \frac{2}{3}R$$

હવે, $\frac{R}{3}$ અને $\frac{2R}{3}$ ના શ્રેણી-જોડાણનો સમતુલ્ય અવરોધ, $R' = R_1 + R_2 = \frac{R}{3} = \frac{2R}{3} = R$

આથી, બિંદુ A અને B વચ્ચે સમતુલ્ય અવરોધ

$$R_{AB} = \frac{R \times R}{R + R} = \frac{R}{2}.$$

(54) જવાબ [C]

તારની લંબાઈ $l = 2\pi r = 2\pi \times 8 = 16\pi$ m હવે

કુલ અવરોધ $R = l\rho = 16\pi \times \frac{1}{\pi} = 16\Omega$

લઘુચાપનો અવરોધ $R_1 = \frac{6 \times 90}{360} = 4\ \Omega$

ગુરુચાપનો અવરોધ $R_1 = 16 - 4 = 12\ \Omega$


$\therefore$ A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ

$$R_{AB} = \frac{4 \times 12}{4 + 12} = \frac{48}{16} = 3\ \Omega$$

$\therefore$ પરિપથમાં વહેતો પ્રવાહ $I = \frac{10}{3} = 3.33$ A

(55) જવાબ [D]


આપેલ નેટવર્કની ત્રણે ભુજામાં અવરોધો સમાંતર જોડાણમાં હોવાથી સમતુલ્ય અવરોધ R/3 Ω થાય. હવે ત્રિકોણનાં A અને B બિંદુઓ વચ્ચે સમતુલ્ય અવરોધ નીચે મુજબ મળે :



$$R = \frac{\left(\frac{2R}{3}\right)\left(\frac{R}{3}\right)}{\frac{2R}{3} + \frac{R}{3}} = \frac{\frac{2R^2}{9}}{\frac{3R}{3}} = \frac{2}{9}\ R\ \Omega$$

(56) જવાબ [C]

આપેલ પરિપથનો સમતુલ્ય પરિપથ નીચે મુજબ થશે.



A-C-D-B શાખાનો સમતુલ્ય અવરોધ,

$$R_1 = \frac{80}{3}\ \Omega$$

A-E-B શાખાનો સમતુલ્ય અવરોધ,


$R_2 = 20\ \Omega$


R_1 અને R_2 સમાંતર છે,

$$R_{AB} = \frac{R_1 R_2}{R_1 + R_2} = \frac{\frac{80}{3} \times 20}{\frac{80}{3} + 20} = \frac{80}{7}\ \Omega$$

(57) જવાબ [C]

આપેલ પરિપથને બાજુમાં દર્શાવ્યા મુજબ દોરી શકાય. આથી બિંદુ A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ






$$R_{AB} = \frac{\left(\frac{8r}{3}\right)\left(\frac{2r}{3}\right)}{\frac{8r}{3}+\frac{2r}{3}} = \frac{\frac{16r^2}{9}}{\frac{10r}{3}} = \frac{8}{15}r$$

(58) જવાબ [D]

આપેલ પરિપથને સમતુલ્ય પરિપથ બાજુમાં દર્શાવ્યા મુજબ દોરી શકાય.




એમિટરમાં વહેતો વીજપ્રવાહ

$$I_2 = \frac{V}{R} + \frac{2}{\frac{10}{4}} + \frac{8}{10} = 0.8\ A$$

(59) જવાબ [C]


આપેલ પરિપથને સમતુલ્ય પરિપથ બાજુમાં દર્શાવ્યા મુજબ દોરી શકાય.



બિંદુ A અને B વચ્ચે સમતુલ્ય અવરોધ

$$R_{AB} = \frac{\frac{4}{3}R\,\frac{4}{3}R}{\frac{4}{3}R+\frac{4}{3}R} = \frac{4}{6}R = \frac{2}{3}R$$

(60) જવાબ [D]



આપેલ પરિપથનો સાદો પરિપથ બાજુની આકૃતિમાં દર્શાવ્યા મુજબ દોરી શકાય.

વ્હીસ્ટન બ્રિજની સંતુલન સ્થિતિમાં બંધ-પરિપથ GHOFG નો સમતુલ્ય અવરોધ,

$$\frac{1}{R'} = \frac{1}{2r} + \frac{1}{2r} \Rightarrow \frac{1}{R'} = \frac{2}{2r} \qquad \therefore R' = r$$

હવે, COEDC પરિપથનો સમતુલ્ય અવરોધ

$\frac{1}{R''} = \frac{1}{2r} + \frac{1}{2r} \Rightarrow \frac{1}{R''} = \frac{2}{2r} \quad \therefore R'' = r$


આથી બિંદુ A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ

$$R = \frac{R'R''}{R'+R''} = \frac{r\,r}{r+r} = \frac{r^2}{2r} = \frac{r}{2}$$

$\therefore R = \frac{r}{2}\,\Omega$

(61) જવાબ [D]

આપેલ પરિપથનું સાદું રૂપ આપતાં તે વ્હીસ્ટન બ્રિજનો પરિપથ બને છે. પરંતુ આ વ્હીસ્ટન બ્રીજ સંતુલન સ્થિતિમાં નથી.



બંધ-પરિપથ ACDA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-10I_2 - 10I_3 + 20\,I_1 = 0$

$2I_1 - I_2 - I_3 = 0$ ...(1)

બંધ-પરિપથ CBDA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-20(I_2 - I_3) + 10(I_1 + I_3) + 10I_3 = 0$

$I_1 - 2I_2 + 4I_3 = 0$ ...(2)

બંધ-પરિપથ ACBDA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-10I_2 - 20\,(I_2 - I_3) + 10(I_1 + I_3) + 20I_1 = 0$

$I_1 - I_2 + I_3 = 0$ ...(3)

સમીકરણ (1) અને (2) પરથી $I_3 = \frac{1}{2}I_1$ ...(4)

સમીકરણ (1) અને (3) પરથી $I_2 = \frac{3}{2}I_1$ ...(5)

હવે, બંધ પરિપથ ADBGFA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-20I_1 - 10\,(I_1 + I_3) - \varepsilon = 0$

$3I_1 + I_3 - \frac{\varepsilon}{10} = 0$ ...(6)

સમીકરણ (4)ની કિંમત સમીકરણ (6)માં મૂકતાં


$3I_1 + \frac{1}{2}I_1 - \frac{\varepsilon}{10} = 0 \Rightarrow \frac{7}{2}I_1 - \frac{\varepsilon}{10} = 0 \Rightarrow$

$\varepsilon = \frac{70}{2}I_1 = 35I_1$

જો A અને B વચ્ચેનો અસરકારક અવરોધ R હોય તો,

$$R = \frac{\varepsilon}{I_1 + I_2} = \frac{\varepsilon}{I_1 + \frac{3}{2}I_1} = \frac{2\varepsilon}{5I_1} = \frac{2}{5I_1} \times 35\,I_1 = 14\,\Omega$$

(62) જવાબ [C]




4 Ω અવરોધ 8 Ω અવરોધ સાથે સમાંતર જોડાણમાં હોવાથી

$R_1 = \frac{4 \times 8}{4+8} = \frac{32}{12} = \frac{8}{3}\,\Omega$

આવા ચાર અવરોધો શ્રેણી-જોડાણમાં હોવાથી પરિપથના બિંદુ A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ

$R = \frac{8}{3} + \frac{8}{3} + \frac{8}{3} + \frac{8}{3} = \frac{32}{3}\,\Omega$

(63) જવાબ [A]



આપેલ અનંત લંબાઈના નેટવર્કનો બિંદુ A અને B વચ્ચે અવરોધ x લેતાં.

$\frac{4x}{4+x} + 8 = x$, $\therefore 4x + 8x + 32 = 4x + x^2$

$x^2 - 8x - 32 = 0$

જેને $ax^2 + bx + c$ સાથે સરખાવતાં

$a = 1, b = -8, c = -32$

હવે, $\Delta = b^2 - 4ac = 64 + 128 = 192$

હવે, $\frac{-b \pm \sqrt{\Delta}}{2a}$ માં કિંમત મુકતા


$x = 10.92$ અથવા $x = -2.92$ જે શક્ય નથી

$\therefore x = 10.92\ \Omega$

$\therefore$ બૅટરીમાંથી વહેતો પ્રવાહ $I = \frac{10}{10.92 + 0.5}$

$I = 0.88$ A


(64) જવાબ [A]



વ્હીસ્ટન બ્રિજની સંતુલન સ્થિતિમાં બિંદુ A અને B વચ્ચેનો સમતુલ્ય અવરોધ

$\frac{1}{R} = \frac{1}{4} + \frac{1}{4} = \frac{2}{4} = \frac{1}{2}$ $\therefore R = 2\ \Omega$

(65) જવાબ [B]



બિંદુઓ પાસેના સમાન વિદ્યુતસ્થિતિમાન ગણતાં પરિપથ બાજુમાં દર્શાવ્યા મુજબ દોરી શકાય.

$R_1 = R_2 = R_3 = R_4 = R_5 = 4\ \Omega$

બિંદુ A અને C વચ્ચેનો સમતુલ્ય અવરોધ

$\frac{1}{R_{AC}} = \frac{1}{R_1} + \frac{1}{R_3} \Rightarrow \frac{1}{R_{AC}} = \frac{1}{4} + \frac{1}{4} + \frac{2}{4}$

$\Rightarrow R_{AC} = 2\ \Omega$, આ જ પ્રમાણે

$\frac{1}{R_{CB}} = \frac{1}{R_2} + \frac{1}{R_4} \Rightarrow \frac{1}{R_{CB}} = \frac{1}{4} + \frac{1}{4} + \frac{2}{4}$

$\Rightarrow R_{CB} = 2\ \Omega$

હવે, $\frac{1}{R_{AB}} = \frac{1}{R_{AC} + R_{CB}} + \frac{1}{R_5}$

$\Rightarrow \frac{1}{R_{AB}} = \frac{1}{2+2} + \frac{1}{4} \Rightarrow \frac{1}{R_{AB}} = \frac{2}{4} = \frac{1}{2}$

$\therefore R_{AB} = 2\ \Omega$

(66) જવાબ [A]

$R = \rho\frac{l}{A}$ માં ρl સમાન હોવાથી $R \propto \frac{1}{A}$

$\frac{R_2}{R_1} = \frac{A_1}{A_2} = \frac{3}{1} \Rightarrow R_2 = 10 \times 3 = 30\ \Omega$

બંને અવરોધોને શ્રેણીમાં જોડતાં તેમનો સમતુલ્ય અવરોધ,

$R = R_1 + R_2 \Rightarrow R = 10 + 30 = 40\ \Omega$

(67) જવાબ [A]

બહુકોણની દરેક બાજુનો અવરોધ $\frac{R}{n}$ બહુકોણની સામસામેનાં શિરોબિંદુ લેતાં બનતા બે ભાગના અવરોધો R_1 અને R_2 લેતાં, $R_1 = R_2 = \frac{n}{2} \times \frac{R}{n} = \frac{R}{2}$

હવે, R_1 અને R_2 ના સમાંતર જોડાણનો સમતુલ્ય અવરોધ.

$R' = \frac{R_1 R_2}{R_1 + R_2} = \frac{\frac{R}{2}\frac{R}{2}}{\frac{R}{2} + \frac{R}{2}} = \frac{R}{4}$ ...(1)

હવે, બહુકોણની એક બાજુનાં શિરોબિંદુઓ વચ્ચેનો અવરોધ $R_3 = \frac{R}{n}$ અને બાકીના ભાગનો અવરોધ

$R_4 = R - \frac{R}{n} = R\left[\frac{n-1}{n}\right]$

હવે R_3 અને R_4 ના સમાંતર જોડાણ હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$$R'' = \frac{R_3 \times R_4}{R_3 + R_4} = \frac{\frac{R}{n} \times R\left(\frac{n-1}{n}\right)}{\frac{R}{n} + R\left(\frac{n-1}{n}\right)}$$

$$= \frac{R^2\left[\frac{n-1}{n^2}\right]}{\frac{R + Rn - R}{n}} = \frac{R^2\left[\frac{n-1}{n^2}\right]}{\frac{nR}{n}}$$

$$= \frac{R(n-1)}{n^2} \qquad ...(2)$$

સમીકરણ (2) અને (1)નો ગુણોત્તર લેતાં,

$$\frac{R(n-1)}{n^2} \times \frac{4}{R} = \frac{4(n-1)}{n^2}$$

(68) જવાબ [C]

ત્રણે અવરોધોના સમાંતર જોડાણનો સમતુલ્ય અવરોધ.

$$\frac{1}{R'} = \frac{1}{R_1} + \frac{1}{R_2} + \frac{1}{R_3}$$

$$\therefore \frac{1}{6} = \frac{1}{R} + \frac{1}{2R} + \frac{1}{3R} \Rightarrow \frac{1}{6} = \frac{11}{6R}$$

$\therefore R = 11\ \Omega$

$\therefore R_1 = R = 11\ \Omega,\ R_2 = 2R = 2 \times 11 = 22\ \Omega,\ R_3 = 3R = 3 \times 11 = 33\ \Omega$

આથી, ત્રણે અવરોધોના શ્રેણી-જોડાણનો સમતુલ્ય અવરોધ.

$R = R_1 + R_2 + R_3 = 11 + 22 + 33 = 66\ \Omega.$

(69) જવાબ [A]

R_1 અને R_2 ના શ્રેણી-જોડાણને સમતુલ્ય અવરોધ

$R_1 + R_2 = 50\ \Omega$ ...(1)

R_1 અને R_2 ના શ્રેણી-જોડાણને સમતુલ્ય અવરોધ

$$\frac{R_1 R_2}{R_1 + R_2} = 12\ \Omega \qquad ...(2)$$

સમીકરણ (1) ની કિંમત સમીકરણ (2) માં મૂકતાં,

$$\frac{R_1 R_2}{50} = 12 \Rightarrow R_1 R_2 = 600 \Rightarrow R_1 = \frac{600}{R_2}$$

R_1 ની આ કિંમત સમીકરણ (1) માં મૂકતા

$$\frac{600}{R_2} + R_2 = 50 \Rightarrow 600 + R_2^2 = 50\, R_2$$

$$\therefore R_2^2 - 50\, R_2 + 600 = 0$$

$\therefore R_2 = 30\ \Omega$ અથવા $R_2 = 20\ \Omega$

$R_1 = 20\ \Omega$ અથવા $R_1 = 30\ \Omega$

(70) જવાબ [C]

R_1 અને R_2 ના શ્રેણી-જોડાણને સમતુલ્ય અવરોધ

$R_1 + R_2 = R_S$

R_1 અને R_2 ના શ્રેણી-જોડાણને સમતુલ્ય અવરોધ

$$\frac{R_1 R_2}{R_1 + R_2} = R_P$$

$$\therefore R_1 R_2 = R_P (R_1 + R_2) = R_P R_S = 16 \qquad ...(1)$$

હવે, $\frac{R_1}{R_2} = 4 \Rightarrow R_1 = 4R_2$ ...(2)

આ કિંમત સમીકરણ (1) માં મૂકતા

$4R_2 R_2 = 16 \Rightarrow R_2^2 = 4 \Rightarrow R_2 = 2\ \Omega$

હવે, સમીકરણ (2) પરથી $R_1 = 4(2) = 8\ \Omega$

(71) જવાબ [B]

શ્રેણી-જોડાણ માટે $S = R_1 + R_2$

સમાંતર જોડાણ માટે $P = \frac{R_1 R_2}{R_1 + R_2}$

હવે, $S = nP,\ R_1 + R_2 = n\left[\frac{R_1 R_2}{R_1 + R_2}\right]$

$(R_1 + R_2)^2 = n\, R_1 R_2$

n ના લઘુતમ મૂલ્ય માટે $R_1 = R_2 = R$

$(R + R)^2 = n\,(R\,R),\ 4R^2 = nR^2 \Rightarrow n = 4.$

(72) જવાબ [D]

PQST બંધ ગાળા માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પાડતાં

$I = \frac{12}{500 + R}$, R ના બે છેડા વચ્ચેનો સ્થિતિમાન


$$V = IR = \left[\frac{12}{500 + R}\right] R$$

જ્યારે, V = 2 V હશે ત્યારે જ ગેલ્વેનોમિટર શૂન્ય આવર્તન દર્શાવશે.

$$\therefore 2 = \frac{12}{500 + R} R$$

$1000 + 2R = 12\,R \Rightarrow R = 100\Omega$

(73) જવાબ [A]



બંધ-પરિપથ ADCA માટે કિર્ચોફનો બીજો નિયમ લખતાં,

$-4(I_1 - I_2) + 2(I_2 + I_3 - I_1) - I_1 = -10$

$7I_1 - 6I_2 - 2I_3 = 10$ ...(1)

આ જ પ્રમાણે બંધ-પરિપથ ABCA માટે,

$-4I_2 - 2(I_2 + I_3) - I_1 = -10$

$I_1 + 6I_2 + 2I_3 = 10$ ...(2)

આ જ પ્રમાણે બંધ-પરિપથ BCDEB માટે,

$-2(I_2 + I_3) - 2(I_2 + I_3 - I_1) = -5$

$-2I_1 + 4I_2 + 4I_3 = 5$ ...(3)

સમીકરણ (1) અને (2) નો સરવાળો કરતાં,

$7I_1 - 6I_2 - 2I_3 = 10$

$I_1 + 6I_2 + 2I_3 = 10$

$8I_1 = 20$

$\therefore I_1 = \frac{5}{2}$ A. સમીકરણ (2) ને 2 વડે ગુણી સમીકરણ (3) માંથી બાદ કરતાં,

$-2I_1 \pm 12I_2 \pm 4I_3 = 20$

$-2I_1 + 4I_2 + 4I_3 = 5$

$-4I_1 - 8I_2 + 0I_3 = -15$


$4\left(\frac{5}{2}\right) + 8I_2 = +15,\ 8I_2 = +5,\ I_2 = \frac{5}{8}$ A

I_1 અને I_2 ની કિંમતો સમીકરણ (2) માં મૂકતાં,

$\left(\frac{5}{2}\right) + 6\left(\frac{5}{8}\right) + 2I_3 = 10$

$\frac{5}{2} + \frac{15}{4} + 2I_3 = 10\ 2I_3 = \frac{15}{4} \Rightarrow I_3 = \frac{15}{8}$ A

(74) જવાબ [B]



બંધ-પરિપથના ABDA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-10I_1 - 5(I_1 - I_2) + 5I_2 = 0$

$15I_1 = 10I_2$ ...(1)

બંધ-પરિપથ ABCEFA માટે,

$-10I_2 - 5I_2 + 10 - 10(I_1 + I_2) = 0$

$20I_1 + 15I_2 = 10$ ...(2)

સમીકરણ (1) ની કિંમત સમીકરણ (2) માં મૂકતાં,

$20\left(\frac{10}{15}I_2\right) + 15I_2 = 0$


$I_2 = \frac{10 \times 15}{200 + 225} = \frac{150}{425} = \frac{6}{17}$ A

હવે, $I_1 = \frac{10}{15}I_2 = \frac{10}{15} \times \frac{6}{17} = \frac{4}{17}$ A

ગેલ્વેનોમિટરમાંથી વહેતો વીજપ્રવાહ $= |I_1 - I_2|$

$= \left|\frac{4}{17} - \frac{6}{17}\right| = \frac{2}{17}$ A

(75) જવાબ [C]



102 માર્ગ માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પાડતાં,

$V_1 - IR_1 - I_1R_2 = V_2$, $15 - 15I - 30I_1 = 10$

$\therefore 3I - 6I_1 = 1$ ...(1)

103 માર્ગ માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પાડતાં,

$V_1 - IR_1 - (I - I_1)R_2 = V_3$

$15 - 15I - (I - I_1)45 = 8$

$-60I + 45I_1 = -7$ ...(2)

સમીકરણ (1) અને (2) ઉકેલતાં $I = 0.175$ A

જો જંક્શન પાસે વીજસ્થિતિમાન V_0 હોય તો,

$15 - V_0 = IR_1, V_0 = 15 - (0.175)(15) = 12.375$ V

(76) જવાબ [C]

પ્રારંભિક સ્થિતિમાં બૅટરીનું *emf* $\varepsilon = I_1(R + r)$

પ્રારંભિક સ્થિતિમાં બૅટરીનું *emf* $\varepsilon = I_2(R. + R' + r)$

હવે, $I_1(R + r) = I_2(R + R' + r)$

$8(0.02 + r) = 2(0.02 + 3 + r)$

[અંતિમ પ્રવાહ $I_2 = 8 - 6 = 2$]

$0.16 + 8r = 6.04 + 2r$

$6r = 5.88 \Rightarrow r = 0.98\ \Omega$, હવે, $\varepsilon = I_1 (R + r)$

$= 8 (0.02 + 0.98) = 8$ V

(77) જવાબ [A]

અહીં $(n-1)$ કોષો સહાયક સ્થિતિમાં અને એક કોષ વિરોધક સ્થિતિમાં જોડાયેલા હોવાથી


પરિપથમાં વહેતો વીજપ્રવાહ $I = \dfrac{(n-1)\varepsilon - \varepsilon}{nr}$

$= \dfrac{(n-2)\varepsilon}{nr}$

હવે, વિદ્યુતસ્થિતિમાનનો તફાવત $V = \varepsilon - Ir$

$= \varepsilon - \left[\dfrac{(n-2)\varepsilon}{nr}\right] r = \dfrac{n\varepsilon - n\varepsilon + 2\varepsilon}{n} = \dfrac{2\varepsilon}{n}$

(78) જવાબ [B]



બંધ-પરિપથ AEFDA માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$-20I_2 - 2I_1 = -10,\ I_1 + 10I_2 = 5$ ...(1)

બંધ-પરિપથ EBCFE માટે કિર્ચોફનો બીજો નિયમ લાગુ પડતાં,

$+20I_2 - 1(I_1 - I_2) = -4,\ I_1 - 21I_2 = 4$ ...(2)

સમીકરણ (1) માંથી (2) બાદ કરતાં,

$31I_2 = 1 \Rightarrow I_2 = \dfrac{1}{31} = 0.03$ A

(79) જવાબ [C]

પરિપથનો સમતુલ્ય અવરોધ

$r = \dfrac{r_1 r_2}{r_1 + r_2} = \dfrac{2 \times 2}{2 + 2} = 1\ \Omega$

પરિપથનો સમતુલ્ય *emf* $\varepsilon = 4$ V

પરિપથમાં વહેતો વીજપ્રવાહ

$I = \dfrac{\varepsilon}{R + r} = \dfrac{4}{1+1} = 2$ A

(80) જવાબ [B]

વ્હીસ્ટનબ્રિજની સંતુલન સ્થિતિમાં $\dfrac{R_1}{R_2} = \dfrac{l_1}{l_2}$

પ્રથમ સ્થિતિ માટે $\dfrac{5}{R} = \dfrac{l_1}{100 - l_1}$ ...(1)

બીજી સ્થિતિ માટે $\dfrac{5}{\frac{R}{2}} = \dfrac{1.6l_1}{100 - 1.6l_1}$ ...(2)

સમીકરણ (1) અને (2)નો ગુણોત્તર લેતાં,

$\dfrac{5}{R} \times \dfrac{R}{10} = \dfrac{l_1}{100 - l_1} \times \dfrac{100 - 1.6l_1}{1.6l_1}$

$\Rightarrow \dfrac{1}{2} = \dfrac{100 - 1.6l_1}{160 - 1.6l_1}$

$160 - 1.6l_1 = 200 - 3.2l_1$

$1.6l_1 = 40 \Rightarrow l_1 = 25$ cm

સમીકરણ (1) પરથી,

$\dfrac{5}{R} = \dfrac{25}{75} \Rightarrow R = 15\ \Omega$

(81) જવાબ [B]

4 Ω અને 3 Ω ના અવરોધો સમાંતર જોડાણમાં હોવાથી તેમના બે છેડા વચ્ચેના P.*d.* સમાન થાય.

$\therefore 4 \times 1 = 3 \times I_1$ આથી, 3 Ω અવરોધમાંથી પસાર થતો વીજપ્રવાહ $I_1 = \dfrac{4}{3}$ A

આમ, POQ માટે કુલ પ્રવાહ $I = 1 + \dfrac{4}{3} = \dfrac{7}{3}$ A

P અને Q વચ્ચેનો P.*d.* $V = IR = \dfrac{7}{3} \times \left[\dfrac{4 \times 3}{4 + 3}\right] = 4$ V

આથી, QNP માર્ગે વહેતો વીજપ્રવાહ,

$I' = \dfrac{V}{R'} = \dfrac{4}{1 + \frac{0.5 \times 0.5}{0.5 + 0.5}} = \dfrac{4}{1.25} = \dfrac{16}{5}$ A

આથી, 1 Ω અવરોધના બે છેડા વચ્ચે P.*d.*

$V' = I'R = \dfrac{16}{5} \times 1 = 3.2$ V

(82) જવાબ [C]

જ્યારે પૉટેન્શિયોમિટર સંતુલિત થાય ત્યારે પૉટેન્શિયોમિટર તાર પરનો વૉલ્ટેજ અને બૅટરીનું *emf* સમાન થાય. $\varepsilon' = V$


પૉટેન્શિયોમિટર તાર પરનું વીજસ્થિતિમાન પ્રચલન $= \dfrac{\varepsilon}{L}$

આથી, l_1 લંબાઈએ તાર પરનું સ્થિતિમાન $V = \dfrac{\varepsilon}{L} l_1$

$= \frac{\varepsilon}{200} = 40 = \frac{\varepsilon}{5}$

(83) જવાબ [A]

આપેલ પરિપથ વ્હીસ્ટન બ્રિજનો સંતુલિત પરિપથ છે. આથી, ભુજા BD માંથી વહેતો પ્રવાહ શૂન્ય મળે.



હવે, ભુજા AB અને BC માંના અવરોધો શ્રેણી-જોડાણમાં હોવાથી સમતુલ્ય અવરોધ

$R_1 = 2 + 4 = 6\ \Omega$

ભુજા AD અને DC માંના અવરોધો પણ શ્રેણી-જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$R_2 = 6 + 12 = 18\ \Omega$

હવે અવરોધો R_1 અને R_2 સમાંતર જોડાણમાં હોવાથી પરિપથનો સમતુલ્ય અવરોધ

$$R = \frac{R_1 R_2}{R_1 + R_2} = \frac{6 \times 18}{6 + 18} = 4.5\ \Omega$$

બૅટરીમાંથી વહેતો વીજપ્રવાહ $I = \frac{V}{R} = \frac{7}{4.5} = 1.55\ A$

(84) જવાબ [B]

વ્હીસ્ટન બ્રિજની સંતુલન સ્થિતિમાં

$$\frac{x}{l} = \frac{y}{(100 - l)},\ x = \frac{yl}{(100 - l)} = \frac{12.5 \times 39.5}{(100 - 39.5)}$$

$$= \frac{12.5 \times 39.5}{60.5} = 8.2\ \Omega$$

(85) જવાબ [C]

$$\frac{\varepsilon_1}{\varepsilon_2} = \frac{l_3 + l_4}{l_3 - l_4} = \frac{6 + 2}{6 - 2} = \frac{8}{4} = \frac{2}{1}$$

(86) જવાબ [C]

બૅટરીનો આંતરિક અવરોધ

$$r = \left[\frac{l_1 - l_2}{l_2}\right] R = \left[\frac{76.3 - 64.8}{64.8}\right] (9.5) = 1.7\ \Omega$$

(87) જવાબ [C]

ε_1 અને ε_2 ની સહાયક સ્થિતિમાં $(\varepsilon_1 + \varepsilon_2) \propto l_3$

ε_1 અને ε_2 ની વિરોધક સ્થિતિમાં $(\varepsilon_1 - \varepsilon_2) \propto l_4$

$$\therefore \quad \frac{\varepsilon_1 + \varepsilon_2}{\varepsilon_1 - \varepsilon_2} = \frac{l_3}{l_4} = \frac{64}{32} = 2$$

$$\therefore \quad \varepsilon_1 + \varepsilon_2 = 2(\varepsilon_1 - \varepsilon_2)$$

$$\therefore \quad 3\varepsilon_2 = \varepsilon \Rightarrow \frac{\varepsilon_1}{\varepsilon_2} = \frac{3}{1} = 3 : 1$$

(88) જવાબ [D]

પ્રારંભિક સ્થિતિમાં $\frac{20}{60} = \frac{l}{100 - l}$

$100 - l = 3l \Rightarrow l = 25$ cm

હવે અવરોધોની અદલા-બદલી કરતાં,

$$\frac{60}{20} = \frac{l'}{100 - l'},\ 300 - 3l' = l' \Rightarrow l' = 75\ \text{cm}$$

તેથી તટસ્થ બિંદુ $l' - l = 75 - 25 = 50$ cm ખસશે.

(89) જવાબ [B]

એકમ લંબાઈના તારનો અવરોધ $R = \frac{\rho}{A}$ [$\because l = 1$ m]

બંને બાજુ I વડે ગુણતાં,

વિદ્યુતસ્થિતિમાન પ્રચલન $\sigma = IR = \frac{I\rho}{A}$

$$= \frac{0.5 \times 10^{-12}}{10^{-6}} = 5 \times 10^{-7} = V\ m^{-1}$$

(90) જવાબ [B]

પૉટેન્શિયોમિટર માટે $V_l = \left[\frac{\varepsilon\rho}{R + L\rho + r}\right] l$

અહીં, $L\rho = 40\ \Omega$ અને $L = 10$ m

આથી, $\rho = \frac{40}{L} = \frac{40}{10} = 4\ \Omega m^{-1}$

વિદ્યુતસ્થિતિમાન પ્રચલન

$$\sigma = \frac{V_l}{l} = \left[\frac{\varepsilon\rho}{R + L\ \ + 0}\right],\ \therefore R = \frac{\varepsilon\rho}{\sigma} - L$$

$$= \frac{2 \times 4}{10^{-2}} - 40 = 800 - 40 = 760\ \Omega$$

(91) **જવાબ [B]**

પરિપથનો કુલ અવરોધ $R = \frac{3 \times 6}{3+6} + 1 = 2 + 1 = 3\ \Omega$

આથી, પરિપથમાં વહેતો કુલ પ્રવાહ

$I = \frac{V}{R} = \frac{12}{3} = 4\ A$

$1\ \Omega$ માં વૉલ્ટેજ $= IR = 1 \times 4 = 4\ V$

બાકીના વૉલ્ટેજ $= 12 - 4 = 8\ V$ એ $3\ \Omega$ અને $6\ \Omega$ ના સંયોજનને મળે.

$3\ \Omega$ અવરોધમાં ઉત્પન્ન થતી ઉષ્મા

$H = \frac{V^2 t}{R} = \frac{(8)^2 \times 60}{3} = 1280\ J$

(92) **જવાબ [A]**

કુલ પાવર $VI = (40 \times 15) + (100 \times 5) + (80 \times 5) + 1000$
$= 600 + 500 + 400 + 1000 = 2500\ W$

ફ્યૂઝમાં વહેતો પ્રવાહ $I = \frac{2500}{220} = 11.36 \approx 12\ A$

(93) **જવાબ [C]**

ઈલેક્ટ્રિક મોટરનો વિદ્યુત પાવર

$P_1 = VI = 200 \times 5 = 1000\ W$

ઈલેક્ટ્રિક મોટરની યાંત્રિક-ક્ષમતા $= \frac{\text{યાંત્રિક પાવર}}{\text{વિદ્યુત પાવર}}$

$\therefore$ યાંત્રિક પાવર = વિદ્યુત પાવર $\times$ યાંત્રિક-ક્ષમતા

$P_2 = 60 \times \frac{1}{100} \times 1000 = 600\ W$

ઉષ્મા ઊર્જારૂપે વિખેરાતો પાવર = વિદ્યુત પાવર – યાંત્રિક પાવર

$I^2 r = 1000 - 600 = 400\ W$

$\therefore$ મોટરના વાઇન્ડિંગ તારનો અવરોધ

$r = \frac{400}{I^2} = \frac{400}{25} = 16\ \Omega$

(94) **જવાબ [C]**

દરેક બલ્બનો અવરોધ $R = \frac{V^2}{P}$

n બલ્બને શ્રેણીમાં જોડતાં કુલ અવરોધ

$R' = nR = n\frac{V^2}{P}$

કુલ પાવર $P' = \frac{V^2}{R'} = \frac{V^2 P}{nV^2} = \frac{P}{n}$

(95) **જવાબ [B]**

અહીં બંને ફિલામેન્ટ સમાન લંબાઈની હોવાથી તેમના અવરોધ સમાન હશે.

ધારો કે ઉદ્ગમમાંથી વહેતો વીજપ્રવાહ I છે.

ફિલામેન્ટના શ્રેણી-જોડાણમાં પાવર વ્યય

$P_S = I^2R + I^2R = 2I^2R.$

ફિલામેન્ટને સમાંતર જોડતાં દરેક ફિલામેન્ટમાંથી વહેતો વીજપ્રવાહ $\left(\frac{I}{2}\right)$ હશે.

ફિલામેન્ટના સમાંતર જોડાણમાં પાવર વ્યય

$P_P = \left(\frac{I}{2}\right)^2 R + \left(\frac{I}{2}\right)^2 R = \frac{I^2 R}{2}$

$\therefore \frac{P_S}{P_P} = \frac{2I^2R}{\frac{I^2R}{2}} = \frac{4}{1} \Rightarrow 4:1$

(96) **જવાબ [C]**

બંને અવરોધોને શ્રેણીમાં જોડતાં સમતુલ્ય પાવર

$P_S = \frac{V^2}{R_S} = \frac{V^2}{R_1 + R_2}$

બંને અવરોધોને શ્રેણીમાં જોડતાં સમતુલ્ય પાવર

$P_P = \frac{V^2}{R_P} = \frac{V^2}{\frac{R_1 R_2}{R_1 + R_2}}$, હવે, $P_P = 5\ P_S$

$\frac{V^2}{\frac{R_1 R_2}{R_1 + R_2}} = 5\ \frac{V^2}{R_1 + R_2}$

$(R_1 + R_2)^2 = 5\ R_1 R_2$

$R_1^2 = 2R_1R_2 + R_2^2 = 5\ R_1R_2$

$R_1^2 - 3R_1R_2 + R_2^2 = 0$

$1000 - 300R_2 + R_2^2 = 0,\ ax^2 + bx + c = 0$

સાથે સરખાવતાં, $a = 1000,\ b = -300,\ c = 1$

$\Delta = b^2 - 4ac = (-300)^2 - 4(1000)\ (1)$
$= 50{,}000$

$R_2 = \frac{-b + \sqrt{\Delta}}{2a}$ અથવા $R_2 = \frac{-b - \sqrt{\Delta}}{2a}$

$= \frac{-(-300) + \sqrt{50{,}000}}{2(1)}$

અથવા $= \frac{-(-300) - \sqrt{50{,}000}}{2(1)}$

$R_2 = 262\ \Omega$ અથવા $R_2 = 38\ \Omega$

(97) **જવાબ [A]**

જૂલ નિયતાંક $J = \frac{W}{H} = \frac{V^2 t}{RH} \Rightarrow H = \frac{V^2 t}{RJ}$

પરંતુ $H = Q = mL$ જ્યાં L = બરફની ગલન ગુપ્ત ઉષ્મા $= 80\ \text{Cal g}^{-1}$, $\therefore mL = \dfrac{V^2 t}{RJ}$

$\therefore$ બરફ પીગળવાનો દર

$$\frac{m}{t} = \frac{V^2}{RJL} = \frac{(-210)^2}{20 \times 4.2 \times 80} = 6.56\ \text{gs}^{-1}$$

(98) **જવાબ [D]**

ગોળા B_1 નો અવરોધ $R_1 = \dfrac{V^2}{P_1} = \dfrac{(250)^2}{100} = 625\,\Omega$

ગોળા B_2 નો અવરોધ $R_2 = \dfrac{V^2}{P_2} = \dfrac{(250)^2}{60} = 1042\,\Omega$

ગોળા B_3 નો અવરોધ $R_3 = \dfrac{V^2}{P_3} = \dfrac{(250)^2}{60} = 1042\,\Omega$

ગોળા B_1 અને B_2 શ્રેણી-જોડાણમાં હોવાથી તે બંનેમાંથી પસાર થતો સમાન વીજપ્રવાહ

$$I_1 = \frac{V}{R_1 + R_2} = \frac{250}{625 + 1042} = \frac{250}{1667} = 0.149\,\text{A}$$

ગોળા B_1 નો આઉટપુટ પાવર

$W_1 = I_1^2 R_1 = (0.149)^2 (625) = 14\ \text{W}$

ગોળા B_2 નો આઉટપુટ પાવર

$W_2 = I_2^2 R_2 = (0.149)^2 (1042) = 23.1\ \text{W}$

ગોળા B_3 નો આઉટપુટ પાવર

$$W_3 = \frac{V^2}{R_3} = \frac{(250)^2}{1042} = 60\ \text{W}$$

આમ, $W_1 < W_2 < W_3$

(99) **જવાબ [B]**

ઉષ્મા ઊર્જા $H = \dfrac{V^2 t}{RJ} = \dfrac{V^2 t}{\frac{\rho l}{A} J} = \dfrac{V^2 A t}{\rho l J}$

પ્રથમ કિસ્સામાં $H_1 = \dfrac{V^2 A t_1}{l_1 J}$, બીજા કિસ્સામાં

$H_2 = \dfrac{V^2 A t_2}{l_2 J}$, પરંતુ $H_1 = H_2$ હોવાથી

$$\frac{V^2 A t_1}{l_1 J} = \frac{V^2 A t_2}{l_2 J} = \frac{V^2 A t_2}{\left(\frac{2}{3} l_2\right) J}$$

$t_2 = \dfrac{2}{3} t_1 = \dfrac{2}{3} \times 15 = 10$ મિનિટ

(100) **જવાબ [D]**

સમાન અવરોધ r અવરોધની સંખ્યા n હોય તો, અવરોધોના શ્રેણી-જોડાણમાં મહત્તમ અવરોધ $R_{max} = nr$

અવરોધોના સમાંતર જોડાણમાં લઘુત્તમ અવરોધ $R_{min} = \dfrac{r}{n}$

હવે, પાવર $P \propto \dfrac{1}{R}$

$\therefore P_P \propto \dfrac{1}{R_{min}}$ તથા $P_\rho \propto \dfrac{1}{R_{max}}$

$\therefore \dfrac{P_P}{P_S} = \dfrac{R_{max}}{R_{min}} = \dfrac{nr}{\frac{n}{r}} = n^2$, $\therefore P_P = n^2 P_S$

$= (4)^2 \times 20 = 16 \times 20 = 320\ \text{W}$

(101) **જવાબ [A]**

પરિપથ A માં એમિટર અવરોધ સાથે શ્રેણીમાં અને વૉલ્ટમિટર અવરોધની સમાંતર જોડાયેલ હોવાથી તે યોગ્ય પરિપથ છે.

(102) **જવાબ [A]**

તારનો અવરોધ $R = \dfrac{l}{A}$

AB ની દિશામાં આડછેદનું ક્ષેત્રફળ ac તથા લંબાઈ b હોવાથી તારનો અવરોધ $R = \dfrac{\rho b}{ac}$ મળે.

(103) **જવાબ [B]**

તારનો અવરોધ, $R = R_0 (1 + \alpha \Delta T)$

$4 = 2 (1 + 1.25 \times 10^{-3} \Delta T)$

$2 = 1 + 1.25 \times 10^{-3} \Delta T$, $\dfrac{1}{1.25 \times 10^{-3}} = \Delta T$

$\therefore \Delta T = 800\ \text{K}$, $T_F = T_0 + \Delta T$

$= 300 + 800 = 1100\ \text{K}$

$= 1100 - 273 = 827^\circ\ \text{C}$

(104) **જવાબ [B]**

n અવરોધોને સમાંતરમાં જોડતાં સમતુલ્ય અવરોધ

$$\frac{1}{R_1} + \frac{1}{R_2} + \ldots\ldots + \frac{1}{R_{n-1}} + \frac{1}{R_n} = \frac{1}{x} \quad \ldots(1)$$

જો એક અવરોધ હટાવી લેવામાં આવે તો સમતુલ્ય અવરોધ,

$$\frac{1}{R_1} + \frac{1}{R_2} + \ldots\ldots + \frac{1}{R_{n-1}} = \frac{1}{y} \quad \ldots(2)$$

સમીકરણ (1) માંથી (2) બાદ કરતાં

$$\frac{1}{R_n} = \frac{1}{x} - \frac{1}{y} \Rightarrow \frac{1}{R_n} = \frac{y - x}{xy}$$

$\therefore R_n = \dfrac{xy}{y - x}$

(105) જવાબ [C]

$V \rightarrow I$ ના આલેખનો ઢાળ અવરોધ દર્શાવે છે.

$\therefore R_1 = R_0[1 + \alpha T_1]$

$\tan\theta = R_0[1 + \alpha T_1]$

...(1) ઢાળ $R_1 = \tan\theta$

હવે, $R_2 = R_0[1 + \alpha T_2]$

$\cot\theta = R_0[1 + \alpha T_2]$

...(2) ઢાળ $R_2 = \cot\theta$

$\therefore \cot\theta - \tan\theta = R_0[1 + \alpha T_2] - R_0[1 + \alpha T_2]$

$= R_0[\alpha (T_2 - T_1)]$

$\therefore T_2 - T_1 = \frac{1}{R_{0\alpha}}(\cot\theta - \tan\theta)$


$\therefore T_2 - T_1 = \frac{1}{R_{0\alpha}}\left[\frac{\cos\theta}{\sin\theta} - \frac{\sin\theta}{\cos\theta}\right]$

$= \frac{1}{R_{0\alpha}}\left[\frac{\cos\theta}{\sin\theta} - \frac{\sin\theta}{\cos\theta}\right]$

$= \frac{1}{R_{0\alpha}}\left[\frac{\cos 2\theta}{\frac{1}{2}\sin 2\theta}\right] = \frac{1}{R_{0\alpha}} 2\cot 2\theta$

$\therefore T_2 - T_1 \propto \cot 2\theta \quad \left[\because \frac{2}{R_{0\alpha}} \text{ અચળ છે.}\right]$

(106) જવાબ [D]



આપેલ પરિપથ સંમિત હોવાથી XY પરનાં બિંદુઓએ વિદ્યુતસ્થિતિમાન સમાન આકૃતિમાં દર્શાવ્યા મુજબ ABXF અને XCDE એ સંતુલિત વ્હીસ્ટન બ્રિજ છે. આથી, BF અને CE અવરોધ અસરકારક રહેશે નહિ.

$\therefore R_{AX} = \frac{(4+2)(4+2)}{(4+2)+(4+2)} = 3\ \Omega$


આ જ રીતે $R_{XD} = 3\ \Omega$

આથી $R_{AD} = R_{AX} + R_{XD} = 3 + 3 = 6\ \Omega$

આથી વીજપ્રવાહ $I = \frac{V}{R_{AD}} + \frac{6}{6} = 1\ A$

(107) જવાબ [B]

આપેલ પરિપથને નીચે મુજબ રજૂ કરી શકાય :



આકૃતિમાં 12 Ω અને 4 Ω સમાંતર જોડાણમાં હોવાથી તેમનો સમતુલ્ય અવરોધ

$R_1 = \frac{12 \times 4}{12 + 4} = \frac{48}{16} = 3\ \Omega$

જે A અને B વચ્ચેના 3 Ω સાથે શ્રેણીમાં છે.

$R_2 = 3 + 3 = 6\ \Omega$

આ 6 Ω એ બીજા 6 Ω અવરોધ સાથે સમાંતરમાં છે.

